# શહેરથી થોડે દૂર, શાંતિભરી સફર

ગરમીની રજાઓ શરૂ થતા જ લોકોના મનમાં ફરવાની ઈચ્છા ઉછળી ઊઠે છે. શહેરની ભાગદોડ અને તણાવભર્યા જીવનમાંથી થોડો વિરામ લેવા માટે કુદરતની નજીક જવાનું મન દરેકને થાય છે. આવા સમયે વડોદરા અને તેની આસપાસ આવેલા સુંદર પ્રવાસન સ્થળો લોકો માટે જાણે સ્વર્ગ સમાન સાબિત થાય છે. વડોદરાથી માત્ર 70 થી 80 કિલોમીટર અંતરે આવેલા અનેક સ્થળો પ્રકૃતિપ્રેમીઓ, પરિવારો અને વેકેશન માણનારાઓ માટે આદર્શ પસંદગી બની રહ્યા છે. અહીં લીલાછમ વનો, ઠંડકભરી હવા, ઝરણાંઓ અને શાંત વાતાવરણ પ્રવાસીઓને અનોખો આનંદ આપે છે. શહેરની આસપાસ આવેલા જાણીતા સ્થળોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, સિંધરોટ, આજવા સરોવર, કોટના બીચ અને વડવાણા તળાવ જેવા સ્થળો ખાસ આકર્ષણ ધરાવે છે. આ સ્થળોએ લોકોને ન માત્ર કુદરતી સૌંદર્યનો આનંદ મળે છે, પરંતુ અહીંનો શુદ્ધ વાતાવરણ અને શાંતિ મનને નવી ઊર્જા આપે છે. ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન આ વિસ્તારોમાં કુદરતનું સૌંદર્ય વધુ ખીલી ઊઠે છે. ધોધમાર વરસાદ, વહેતા ઝરણાં અને હરિયાળી વચ્ચે વિતાવેલો સમય પ્રવાસીઓને તાજગી અને શાંતિનો અનુભવ કરાવે છે. વેકેશનના સમયમાં લોકો પરિવાર સાથે આ સ્થળોની મુલાકાત લેવાનું વધુ પસંદ કરે છે. અહીં મળતી સ્વચ્છ હવા, શાંત વાતાવરણ અને કુદરતની નજીક રહેવાનો અનુભવ શહેરના તણાવને દૂર કરવામાં મદદરૂપ થાય છે. વડોદરા જિલ્લામાં આવેલા આ પ્રવાસન સ્થળો માત્ર એક દિવસના પ્રવાસ માટે જ નહીં, પરંતુ યાદગાર ક્ષણો સર્જવા માટે પણ ઉત્તમ છે. જો તમે પણ આ વેકેશનમાં કંઈક અલગ અને તાજગીભર્યું અનુભવવા માંગતા હોવ, તો વડોદરાની આસપાસના આ કુદરતી સ્થળોની મુલાકાત લેવી ચોક્કસ જ યોગ્ય પસંદગી બની શકે. ત્યારે વડોદરા જિલ્લાની આસપાસ અનેક એવા સ્થળો છે, જે ખાસ કરીને ચોમાસાની ઋતુમાં શોળે કળાએ ખીલી ઉઠે છે.




## સ્ટેચ્યુ ઓફ યુનિટી

અંતર

વડોદરાથી માત્ર **90 કિલોમીટર**

સ્ટેચ્યુ ઓફ યુનિટી વડોદરાથી 90 કિલોમીટરના અંતરે આવેલી આઇકોનિક 182 મીટર ઊંચી ભારતના લોખંડી પુરુષને શ્રદ્ધાંજલિ આપતી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. આ પ્રતિમા 19,500 ચોરસ મીટર પ્રોજેક્ટ વિસ્તારનો એક ભાગ છે. આ 12 કિમીમાં ફેલાયેલો એક વિશાળ માનવ નિર્મિત તળાવથી ઘેરાયેલી છે. પ્રતિમાની છાતીમાં 135 મીટરની વ્યૂઇંગ ગેલેરી જેમાં એક સમયે 200 લોકો બેસી શકે. સ્ટેચ્યુ પ્રદર્શન ફ્લોર, મેઝેનાઇન અને છતનો ત્રિ-સ્તરીય આધાર, મેમોરિયલ ગાર્ડન અને વિશાળ સતત પ્રદર્શન હોલ ધરાવે છે.



## પોઇચા નિલકંઠધામ

અંતર

વડોદરાથી **61 કિલોમીટર**

પોઇચા નીલકંઠ ધામ વડોદરાથી 61 કિમી દૂર આવેલું છે. પોઇચા ગામમાં નર્મદા નદીના કિનારે આવેલું નીલકંઠ ધામ સ્વામિનારાયણ મંદિર છે. આ વિશાળ તીર્થધામ આધ્યાત્મિકતા અને વિજ્ઞાનનું એક મહાન મિશ્રણ છે, કારણ કે તેમાં વિવિધ ભગવાનની સુંદર મૂર્તિઓ સાથે વિજ્ઞાન સંગ્રહાલય પણ છે. અહી નર્મદા નદીના કિનારે એકદમ શાંત, આધ્યાત્મિક અને ભક્તિમય વાતાવરણ મળી રહી છે નાના છોકરાઓથી માંડીને મોટેરા સુધી દરેકને પિકનીક મનાવી શકે તેવુ મજાનુ સ્થળ એટલે પોઇચા નિકલંઠધામ...



## ઝરવાણી ધોધ

અંતર

વડોદરાથી માત્ર **97 કિલોમીટર**

ઝરવાણી એક મોસમી ધોધ છે, જે સરદાર સરોવર ડેમની નજીક સ્થિત છે. ઝરવાણી એ શૂલપાણેશ્વર અભયારણ્યમાં સ્થિત એક લોકપ્રિય પ્રવાસન સ્થળ છે. પાણીનો પ્રવાહ ઓછો હોય તો લોકો અહીં નાહવાની મજા પણ માણી શકે છે. અહીં સુવિધાઓમાં નોન એસી રૂમ, ટ્વીન હટ, શયનગૃહ, જમવાની સુવિધા, ટેન્ટ ઉપલબ્ધ છે. રોડ માધ્યમથી જઈ શકાય છે. આ વડોદરાથી 97 કિલોમીટરના અંતરે આવેલું છે. ચોમાસા દરમિયાન તો અહી નયનરમ્ય નજારો જોવા મળે જ છે આ ઉપરાંત પણ ઉનાળાની ગરમીમાં ન્હાવાની મજા કંકઇ અલગ હોય છે



## કુબેરભંડારી મંદિર

અંતર

વડોદરાથી **45 કિલોમીટર**

કુબેર ભંડારી વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના કરનાળી ગામમાં નર્મદા નદીના કિનારે આવેલું એક મંદિર છે. આ મંદિર પરિસરમાં રણછોડજી, મહાકાળી માતા, શીતળા માતા અને બળીયાદેવનું મંદિર આવેલું છે. મંદિર ખૂબ રમણીય સ્થળે છે. નર્મદાના કિનારે પહોંચવા માટે પગથિયાની વ્યવસ્થા છે, તથા ઘાટ બનેલો હોવાથી પર્યટન સ્થળ તરીકે પણ તેનો વિકાસ થયો છે. જે વડોદરાથી 60 કિલોમીટરના અંતરે આવેલું છે. અહી લોકો નર્મદા નદીમાં બોટીંગની મજા પણ માણી શકે છે અને નર્મદાના પાવન નીરમાં ન્હાવાનો મોકો પણ મળે છે.



## પાવાગઢ - ચાંપાનેર

અંતર

વડોદરાથી **50 કિલોમીટર**

પાવાગઢ ચાંપાનેર પાવાગઢ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ છે. પાવાગઢ વડોદરા શહેર નજીક આવેલા પંચમહાલ જિલ્લામાં સ્થિત છે. શિખર પર મંદિર સુધી પહોંચવા માટે પહાડની ટોચ પર જંગલ ફૂટપાથ સાથે લગભગ 5 કિમી ચાલવું પડે છે. સાથે સાથે અહીં રોપ-વેની પણ સુવિધા ઉપલબ્ધ છે. પાવાગઢ વડોદરાથી પૂર્વમાં 50 કિલોમીટર અને ગોધરાની દક્ષિણમાં 68 કિલોમીટર જેટલું છે. બસ અથવા ખાનગી વાહન દ્વારા પહોંચી શકાય છે. ગુજરાતનો સૌથી ઉંચો ડુંગર અને તેના પર બિરાજેલા મા મહાકાળીના સાનિધ્યમાં રજાની ઉજવણી કરવી તે એક અનેરો અવસર છે.



## સિંધરોટ મહી-તટ

અંતર

વડોદરાથી માત્ર **15 કિલોમીટર**

સિંધરોટ વડોદરા તાલુકામાં આવેલ એક નાનકડું ગામ છે. આ ગામ મહી નદીના કિનારે વસેલું છે. શહેરથી લગભગ 13-15 કિલોમીટરના અંતરે ચેકડેમ જ આવેલો છે. વડોદરાથી કાર અને ટુ વ્હીલર લઈને જઈ શકાય છે. વડોદરા શહેરની નજીક આવેલું સિંધરોટ હાલ સહેલાણીઓ માટે ફેવરિટ ટુરિસ્ટ પ્લેસ છે. સિંધરોટ ખાતે વીકએન્ડ પર સમગ્ર રાજ્યમાંથી લોકો આવે છે. તથા ઢળતી સાંજે નદીમાં ટેકરા પર બેસીને કુદરતને માણવાની મજા જ કંઈક અનેરી હોય છે.ઉનાળાની ગરમીઓમાં બપોરે હળવી ઠંડક મ.ળવવાની અહી મજા જ કંઇક અલગ હોય છે



## સ્તંભેશ્વર મહાદેવ

અંતર

વડોદરાથી **75 કિલોમીટર**

સ્તંભેશ્વર વડોદરાથી નજીક આવેલ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી-કંબોઈ ગામ પાસેના, ખંભાતના અખાતમાં મહીનદી મળે છે. આ સંગમ સ્થળ કુમાર સ્કંદ દ્વારા સ્થાપિત સ્તંભેશ્વર મહાદેવનું પૌરાણિક અને ધાર્મિક મહિમા ધરાવતું હોવાથી શ્રદ્ધાળુઓમાં આસ્થાનું કેન્દ્ર બન્યું છે. શ્રાવણ માસ અને મહાશિવરાત્રિમાં આ સ્તંભેશ્વર મહાદેવના દર્શન કરવા હજારો લોકો ઉમટી પડે છે. ખાસ કરીને શનિવારે આવતી અમાસનું વિશેષ મહત્વ છે. દરિયાદેવ સ્વયં દિવસમાં બે વખત સ્તંભેશ્વર મહાદેવને જલાભિષેક કરતા હોય, તેવું આ પૌરાણિક સ્થળ શ્રદ્ધાળુઓમાં ભારે આસ્થા ધરાવે છે.




## નારાયણ સરોવર

અંતર

વડોદરાથી માત્ર **36 કિલોમીટર**

નારાયણ સરોવર વડોદરા નજીક આવેલ ચાણસદ ગામ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનું જન્મસ્થળ છે, તેમના બાળપણમાં શાંતિલાલ તરીકે તેમના દિવ્ય સ્પર્શથી પવિત્ર થયેલું છે. પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી નિમિત્તે ગુજરાત ટુરિઝમ અને BAPS દ્વારા આ પવિત્ર સરોવરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. નારાયણ સરોવરમાં વાતાનુકૂલિત સભાગૃહ, પ્રમુખ સ્વામી મહારાજના જીવન અને કાર્ય પર પ્રદર્શન થ્રુ વોક-થ્રુ, સ્નાન માટે અલગ-અલગ સજ્જનો અને મહિલાઓના સ્નાન ઘાટ, અસ્થિ વિસર્જન માટે અસ્થિ વિસર્જન ઘાટ, બાળકોના ટોન્સરિંગ માટેની જગ્યા અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. દરરોજ, સાંજે 7 વાગ્યે મહા આરતી કરવામાં આવે છે.



## જાંબુઘોડા અભયારણ્ય

જાંબુઘોડા વડોદરાથી 70 કિમી અને ચાંપાનેરથી 20 કિમી દૂર સ્થિત જાંબુઘોડા વન્યજીવ અભયારણ્ય પંચમહાલના પૂર્વ ભાગમાં ટેકરીઓ અને જંગલોથી આચ્છાદિત પ્રદેશમાં આવેલું છે. ચોમાસા જેવી આહલાદક ઋતુમાં જો ફરવાલાયક સ્થળ છે. અહીં તમે પોતાનું વાહન લઈ જઈ શકો છો. રોડ માર્ગે જવું વધુ યોગ્ય છે. વડોદરામાંથી કાર ભાડે કરી જાંબુઘોડા સાઇટ સાથે ચાંપાનેર અને પાવાગઢની પણ જોડી શકો છો તો મુસાફરીમાં માટે શ્રેષ્ઠ વિકલ્પ છે.



## મંડાણ લેક

મંડાણ લેક ગુજરાતના નર્મદા જિલ્લાના નાંદોદમાં આવેલું આ તળાવ એક સુંદર સ્થળ છે. લોકો આ તળાવને માંડણ તળાવના નામથી પણ ઓળખે છે. રાજપીપળા અને નેત્રંગ વચ્ચે આવેલું આ તળાવ રાજપીપળાથી 16 કિમીના અંતરે આવેલું છે. ચારે બાજુથી પાણી અને વચ્ચે નાના-નાના ટાપુઓના કારણે અહીંનો નજારો ખૂબ જ સુંદર છે. તમે તમારા પરિવાર સાથે અહીં જઈ શકો છો.

---

### કાવ્ય અને રંગોની અનોખી જુગલબંધી

# માતાની કલમે લખાયેલી લાગણી, પુત્રના કેનવાસ પર સજીવન



શબ્દ અને રંગ–બન્ને અભિવ્યક્તિના શક્તિશાળી માધ્યમો છે. જ્યારે આ બંને એક સાથે જોડાય ત્યારે સર્જન માત્ર કલાત્મક નહીં, પરંતુ ભાવનાત્મક યાત્રા બની જાય છે. આવી જ એક અનોખી સર્જનયાત્રા સાકાર કરી છે માતા આશા મયુર કારિયા અને પુત્ર માધવ મયુર કારિયાએ, જ્યાં સંવેદનશીલ કવિતા અને તેની પ્રેરણાથી રચાયેલ ચિત્ર દ્વારા લાગણીઓનું અદભૂત સંગમ સર્જાયું છે. આ રચનામાં ગ્રીષ્મ જેવી દાહકતા અને શિશિર જેવી શુષ્કતા વચ્ચે વસંતમાં વિયોગથી વ્યાકુળ થયેલી પ્રિયતમાની આંતરિક ભાવભીની ઝંખના વ્યક્ત થાય છે. આંખોમાં મોરપીંછના રંગો ભરી પોતાના પ્રિતમના અનંત સંગની ઇચ્છા–આ કાવ્યની આત્મા છે, જેને ચિત્રકાર પુત્રએ રંગો દ્વારા જીવંત બનાવી છે.



### વસંતોત્સવ

પામવા પ્રીતમનો પારિજાત સંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
વિરહની વ્યથામાં વ્યાકુળ અંગ અંગ, સખી
વલોવે વાલમનો વ્હાલ વિયોગી ઉર વિહંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
શિશિરે શુષ્ક ઓષ્ઠ સુમન સેવવા અમૃત અનંગ, સખી
ઇન્દ્રધનુષી આભમાં ઊડે ગુલાબી યાદોની પતંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
આમ્રકુંજે કોકિલના કંઠે છલકે ઊર્મિ ઉછરંગ, સખી
સમરાંગણે શોણિત વેદી શ્રીધરી, ને તો યે પુષ્પધન્વા અભંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી
જો ને કેવો આ વાસંતી કેફ! ભાસે ઝાંઝવામાં જલતરંગ, સખી
પામવા પ્રીતમનો પારિજાત સંગ, સખી
મેં તો આંખોમાં આંજ્યા મોરપિચ્છનાં રંગ, સખી

- આશા મયુર કારિયા

---

### ઓડિયા પરંપરાનો ઝળહળતો પરિચય કરાવ્યો

# વડોદરામાં સંસ્કૃતિનો રંગોત્સવ "કલિંગ મહોત્સવ "



વડોદરા જેવી સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ ધરતી પર વિવિધ પ્રાંતોની પરંપરાઓ એક સાથે ખીલે છે. આવી જ વૈવિધ્યસભર સંસ્કૃતિને ઉજાગર કરતો ભવ્ય કાર્યક્રમ "કલિંગ મહોત્સવ-2026" તાજેતરમાં શહેરમાં ઉત્સાહ અને આધ્યાત્મિકતા સાથે ઉજવાયો. શ્રી જગન્નાથ સોસિયો-કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન દ્વારા આયોજિત આ મહોત્સવ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ વડોદરામાં વસતા ઓડિયા સમાજની ઓળખ, એકતા અને સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ હતો. ઈસ્કોન મંદિર મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમને આધ્યાત્મિક ગૌરવ મળ્યું જ્યારે મુખ્ય અતિથિ તરીકે બાશુઘોષ દાસ પ્રભુજી અને નિત્યાનંદ સ્વામીજી ઉપસ્થિત રહ્યા. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને માત્ર ધાર્મિક ઊર્જા જ નહીં, પરંતુ એક સાંસ્કૃતિક સંવાદનું સ્વરૂપ પણ આપ્યું. આ પ્રસંગે ઉપસ્થિતોએ સંસ્કૃતિને જીવનશૈલી તરીકે સ્વીકારવાની પ્રેરણા મેળવી અને પરંપરા સાથે જોડાયેલ રહેવાની ભાવના વધુ મજબૂત બની.



### ઓડિયા સંસ્કૃતિના રંગો વડોદરાના મંચ પર

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પરંપરાગત ઓડિસી નૃત્ય, લોકસંગીત અને રંગારંગ સાંસ્કૃતિક રજૂઆતો રહ્યા. નાના બાળકો થી લઈને યુવાનો અને વડીલો સુધી–બધાએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા. આવા કાર્યક્રમો માત્ર મનોરંજન પૂરતા મર્યાદિત નથી રહેતા; તેઓ સમાજને પોતાની ઓળખ સાથે જોડતા એક સેતુ બની રહે છે. વડોદરામાં વસતા ઓડિયા પરિવારો માટે આ મહોત્સવ પોતાના મૂળ સાથે જોડાવાનો ભાવનાત્મક અવસર સાબિત થયો.






### મેળાપ, એકતા અને સમાજ બંધનની ઉજવણી

કલિંગ મહોત્સવનો એક મહત્વપૂર્ણ પાસો સમાજના સભ્યો વચ્ચે સ્નેહ અને સહકારની ભાવના મજબૂત બનાવવાનો રહ્યો. શહેરના વિવિધ વિસ્તારોમાં વસતા ઓડિયા પરિવારો એકત્રિત થયા અને એકતા તથા પરસ્પર જોડાણનો અનોખો અનુભવ કર્યો. કાર્યક્રમ દરમિયાન વિતરણ કરાયેલ સ્વાદિષ્ટ પ્રસાદમ સાથેનું રાત્રિભોજન પણ ઉપસ્થિતો માટે ખાસ આકર્ષણ બન્યું. ભોજન માત્ર સ્વાદનો નહીં પરંતુ સંસ્કૃતિના વહેંચાણનો એક મધુર અનુભવ રહ્યો.

### સફળ આયોજન પાછળની સંકલિત ટીમ

આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવામાં આયોજક મંડળની મહેનત અને દૃઢ આયોજનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. સંસ્થાના પ્રમુખ મલય નાયક, ઉપપ્રમુખ દેબાશિશ પાંડા, મહામંત્રી ઉમાશંકર ત્રિપાઠી તેમજ ટ્રસ્ટી મંડળના સભ્યો નિલાદ્રી પટ્ટનાયક, મદન મોહન દાસ, ગિરિજાશંકર મિશ્રા અને કૃષ્ણ રથનો નોંધપાત્ર ફાળો રહ્યો.

---

### ઘરે બેઠા નવી પેઢીને સનાતન ધર્મનું સરળ અને વૈજ્ઞાનિક જ્ઞાન

# કૈવલ્ય હિન્દુઇઝમના આંતરરાષ્ટ્રીય ઊનાળાના વર્ગો 12 મેથી શરૂ

ભારત સહિત અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં બાળકોને સંસ્કાર શિક્ષણ આધુનિક યુગમાં જ્યાં નવી પેઢી ઝડપથી ડિજિટલ જીવનશૈલી તરફ આગળ વધી રહી છે, ત્યાં પોતાની મૂળ સંસ્કૃતિ અને સનાતન મૂલ્યો સાથે જોડાણ જાળવી રાખવાનો પ્રયાસ અત્યંત જરૂરી બની ગયો છે. આવી જ એક પ્રેરણાદાયક પહેલ ત્રણ પેઢીથી સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિની સેવા કરતાં જાની પરિવારની દીકરી કામાક્ષી જાની દ્વારા કરવામાં આવી રહી છે, જે "કૈવલ્ય હિન્દુઇઝમ"ના માધ્યમથી બાળકોને ઘરે બેઠા સનાતન ધર્મનું સરળ અને વૈજ્ઞાનિક જ્ઞાન પ્રદાન કરી રહી છે.




### 2022થી શરૂ થયું અભિયાન

કામાક્ષી જાની દ્વારા વર્ષ 2022માં શરૂ કરાયેલ આ અભિયાનનો મુખ્ય હેતુ નવી પેઢીને સનાતન ધર્મના મૂળભૂત તત્ત્વો, શ્લોકો, સંસ્કારો અને ભારતીય પરંપરાની સમજ સરળ અંગ્રેજી ભાષામાં પહોંચાડવાનો રહ્યો છે. ખાસ કરીને વિદેશમાં રહેતા ભારતીય પરિવારો માટે આ પહેલ અત્યંત ઉપયોગી સાબિત થઈ રહી છે. આજે ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ અનેક બાળકો આ વર્ગોથી લાભ લઈ રહ્યા છે. કૈવલ્ય હિન્દુઇઝમના અભ્યાસક્રમોની વિશેષતા એ છે કે તેમાં બાળકોને માત્ર શ્લોકો રટાવાતા નથી, પરંતુ સ્પષ્ટ ઉચ્ચારણ સાથે તેનો અર્થ, પૌરાણિક કથાઓ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજણ આપવામાં આવે છે. આ અભ્યાસક્રમ બાળકોમાં આત્મવિશ્વાસ, સંસ્કાર અને આધ્યાત્મિકતા વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### સનાતન ધર્મનો મૂળભૂત સંદેશ 'વિશ્વ કલ્યાણ'



દરેક સનાતની પોતે સક્ષમ બને અને સમાજ માટે ઉપયોગી બની શકે તેવા સંકલ્પ સાથે કૈવલ્ય હિન્દુઇઝમ વિવિધ અભ્યાસક્રમો દ્વારા સતત જનકલ્યાણના કાર્યમાં જોડાયેલું છે. બાળકોને નાની વયથી જ સંસ્કૃતિ સાથે જોડવાના આ પ્રયાસને માતા-પિતાનો પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આવતા 12 મે 2026થી શરૂ થતાં આંતરરાષ્ટ્રીય ઊનાળાના વર્ગો બાળકો માટે ઘરે બેઠા ધર્મવિદ્યા મેળવવાની ઉત્તમ તક બની રહેશે. સંસ્કાર, શિસ્ત અને આધ્યાત્મિક સમજણ સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે આ પહેલ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહી છે.